ગુજરાત પ્રદેશ ભાજપા

તા. ૦૬ ઓક્ટોબર, ૨૦૨૬

-------

આવતીકાલે ૭ ઓક્ટોબરે દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ગુજરાતના મુખ્યમંત્રી તથા દેશના પ્રધાનમંત્રી તરીકે જાહેરજીવનમાં સેવા અને સમર્પણના અવિરત ૨૫ વર્ષ પૂર્ણ થશે

-------

'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત 'વડનગર થી વારાણસી અને વારાણસી થી વડનગર' બાઈક સેવા યાત્રાની આવતીકાલે પૂર્ણાહુતિ થશે

-------

મહેસાણા જિલ્લાના વડનગર ખાતે સાંજે ૪:૦૦ કલાકે 'વારાણસી થી વડનગર' સેવા યાત્રાનો સમાપન સમારોહ યોજાશે

-------

વડનગર ખાતે યોજાનારા સમાપન કાર્યક્રમમાં કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણ તથા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શ્રી સુવેન્દુ અધિકારી વિશેષ ઉપસ્થિત રહેશે

-------

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ભાજપા પ્રદેશ પ્રભારી શ્રી તરુણ ચુગજી, ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી સહિત આગેવાનો પણ વડનગર ખાતે ઉપસ્થિત રહેશે

-------

સેવાયાત્રીઓ દ્વારા યાત્રા દરમિયાન એકત્ર કરેલા વિવિધ પવિત્ર નદીઓ અને જળાશયોના જળથી શ્રી હાટકેશ્વર મહાદેવનો જળાભિષેક કરી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના દીર્ઘાયુ માટે પ્રાર્થના કરાશે

-------

વડનગરથી વારાણસી તરફ નીકળેલી સેવા યાત્રાના પણ આવતીકાલે વારાણસી પહોંચશે

-------

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત આયોજિત બંને સેવા યાત્રાઓ આવતીકાલે પોતાના નિર્ધારિત ગંતવ્ય સુધી પહોંચીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના અવિરત સેવા અને સમર્પણને જનજન સુધી પહોંચાડવાના સંકલ્પને વધુ મજબૂત બનાવશે

-------

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ૭ ઓક્ટોબરના રોજ ગુજરાતના મુખ્યમંત્રી તથા દેશના પ્રધાનમંત્રી તરીકે જાહેરજીવનમાં

અવિરત ૨૫ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યાં છે. તેમની આ અવિરત સેવા, સમર્પણ અને રાષ્ટ્રનિર્માણની યાત્રા પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવા આયોજિત 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત 'વડનગર-વારાણસી અને વારાણસી-વડનગર બાઈક સેવા યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ બંને યાત્રાઓની વિશેષતા એ રહી કે તેમાં માત્ર યાત્રા નહીં પરંતુ જનસેવા, જનસંપર્ક અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના જાહેર જીવનના કાર્યોથી નાગરિકોને અવગત કરાવવાનો સંદેશ પણ સતત લોકો સુધી પહોંચાડવામાં આવ્યો હતો.

વારાણસીથી વડનગરની સેવા યાત્રામાં ૫૦૦ સેવાયાત્રીઓ ૨૫૦ બાઈક સાથે વારાણસીથી માં ગંગાનું પવિત્ર જળ સાથે લઈને નીકળ્યા હતા. યાત્રા દરમિયાન સેવા યાત્રીઓ અલગ-અલગ ટુકડીઓમાં દેશના વિવિધ રાજ્યોમાંથી પસાર થઈ વિવિધ પવિત્ર નદીઓ તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા જળાશયોના એકત્રિત કરેલ જળ સાથે વડનગર પહોંચશે. આ સેવા યાત્રાની પૂર્ણાહુતિ આવતીકાલે તા. ૭ ઓક્ટોબરના રોજ વડનગર ખાતે સાંજે ૪:૦૦ કલાકે યોજાનારા ભવ્ય સમાપન સમારોહ સાથે થશે. આ પ્રસંગે એકત્રિત કરવામાં આવેલા પવિત્ર જળથી વડનગરના પૌરાણિક અને આસ્થાના કેન્દ્ર એવા શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિરે જળાભિષેક કરવામાં આવશે.

વડનગર ખાતે યોજાનારા આ સમાપન સમારોહમાં કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણ, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શ્રી સુવેન્દુ અધિકારી, ભાજપા પ્રદેશ પ્રભારી શ્રી તરુણ ચુગજી, ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી સહિત આગેવાનો ઉપસ્થિત રહેશે.

બીજી તરફ વડનગરથી વારાણસી તરફ ૨૫૦ બાઈક પર નીકળેલી સેવા યાત્રાના ૫૦૦ સેવાયાત્રીઓ પણ આવતીકાલે વારાણસી પહોંચશે. આમ, સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત આયોજિત બંને સેવા યાત્રાઓ આવતીકાલે પોતાના નિર્ધારિત ગંતવ્ય સુધી પહોંચીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના અવિરત સેવા અને સમર્પણને જનજન સુધી પહોંચાડવાના સંકલ્પને વધુ મજબૂત બનાવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વડનગરથી વારાણસી તથા વારાણસીથી વડનગર સુધીની આ બાઈક સેવા યાત્રા દરમિયાન સેવા યાત્રીઓએ માર્ગમાં વિવિધ રાજ્યોમાં વિભિન્ન સ્થાનોએ રોકાણ કરી ગ્રામસભા, વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, લાભાર્થી સંવાદ, મહિલા સંવાદ, વડીલો સાથે સંવાદ સહિતના અનેકવિધ સેવાલક્ષી અને જનસંપર્કના કાર્યક્રમો યોજ્યા હતા. આ કાર્યક્રમો દ્વારા વિકાસના કાર્યો અને વિવિધ જનકલ્યાણકારી

યોજનાઓના લાભો લોકો સુધી પહોંચાડવાની સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના જાહેર જીવનની સેવા અને રાષ્ટ્રસમર્પણની ગાથા પણ જનજન સુધી પહોંચાડવામાં આવી હતી.

પ્રશાંત વાળા
પ્રદેશ મીડિયા ઇન્ચાર્જ
ભાજપા ગુજરાત